# સર્જીકલ સ્ટ્રાઈકના હીરો સાથેના સંસ્મરણ...

## જ્યારે જનરલ બિપિન રાવતે સરડોઈના મેજર સુબેદારની દ્રઢતા જોઈ હાથ મિલાવ્યા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૦
દુશ્મન દેશ પાકિસ્તાનમાં સર્જિકલ સ્ટ્રાઈક ને અંજામ આપનાર હીરો જનરલ બિપિન રાવત નું હેલિકોપ્ટર ક્રેશમાં નિધન થયું છે.હવે માત્ર તેમની શૌર્ય ગાથાઓ અને સંસ્મરણો અમર રહ્યા છે.જેમાં સૈન્યમાં ગુજરાતી જવાનોને જોતાં ગૌરવ સાથે તેમની દેશ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવતા એક પ્રસંગમાં દિલ્હીની આર્મી હોસ્પિટલમાં જનરલ મુલાકાતે આવ્યા જે સમયે મોડાસા તાલુકાના સરડોઈ ના પેરા કમાન્ડો અને પોતાની ધગશથી સૈન્યમાં મેજર સુબેદારના પદ સુધી પહોંચેલા નટવર ભાઈ અળખા ભાઈ પરમારને મળી ખૂબ પ્રભાવિત થઈ હાથ મિલાવ્યા હતા આ સાથે વિકટ મુશ્કેલીમાં અનેક ગુજરાતી

જવાનો ફોજમાંથી નાસી જાય



છે તેની સામે સરડોઈ ના મેજર સુબેદારની ૩૨ વર્ષની સેવાના વખાણ કર્યા હતા

ચીફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના અકાળે નિધન થી દેશભરમાં શોક સાથે તેમને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે. સૈન્યની મહત્વની ત્રણ પાંખના વડાએ અનેક મહત્વના ઓપરેશન પાર પાડી દેશને ગૌરવ અપાવ્યું છે પણ ગત રોજની હવાઈ દુર્ગટના માં તેમનું નિધન થયા બાદ તેમની સાથે મહત્વની ક્ષણો વિતાવનાર સાથે જવાનો એ મોટો આંચકો અનુભવ્યો છે.મોડાસાના સરડોઈ ના અને સૈન્યમાંથી બે વર્ષ અગાઉ નિવૃત્ત થયેલા મેજર સુબેદાર નટવર ભાઈ પરમાર આજે તેમને યાદ કરી ભાવુક બની ગયા હતા.ગદગદિત સ્વરે તેમને જણાવ્યું કે આમતો સેનામાં ગુજરાતી યુવાનો ભરતી થાય પછી કપરી ટ્રેનીંગ અથવાતો સરહદે ફરજ બજાવતા ભાગી જતાં હોય છે.જેથી સેનામાં ગુજરાતીઓ ની છાપ ભગોડા તરીકે અંકિત છે પણ જનરલ બિપિન રાવત જ્યાં

### મને જોઈ ભગોડાની છાપ ભૂસાઈ : નિવૃત્ત મેજર સુબેદાર



બાયડ તા.૧૦
મોડાસા તાલુકાના સરડોઈ ના નિવૃત્ત મેજર સુબેદાર નટવર ભાઈ પરમારે જનરલ બિપિન રાવત ના નિધન અંગે શોક વ્યક્ત કરી જણાવ્યું કે હું તેમને અનેક વાર મળ્યો છું.તેમની સાથેની દરેક મુલાકાત મારા માટે સંભારણું છે.સૈન્ય માં જોડાયા પછી પેરા કમાન્ડો અને ત્યારબાદ મેજર સુબેદાર ના પદ સુધી હું પહોંચ્યો હોવાથી ગુજરાતી ભગોડા ની જે છાપ હતી એ ભૂસાઈ જવાની સાથે ખૂબ ગૌરવ સાથે મને અભિનંદન આપ્યા હતા.

પણ એક ગુજરાતી જવાનને ફરજમાં જોતાં તો પ્રોત્સાહન સાથે શાબાશી આપ્યા વગર રહેતા નહતા આ એક તેમની ખૂબી હતી.

મારી સેનામાં ૩૨ વર્ષની ફરજમાં મેં જનરલ કક્ષાના મળતાવડા આવા અફસર ક્યાંય જોયા ન હોવાની સાથે દેશે એક બહાદુર ભારત માં નો લાલ ગુમાવ્યાનો વસવસો નિવૃત્ત મેજર સુબેદાર વ્યક્ત કરી રહ્યા છે.સેનામાં ઉચ્ચ અફસરો જવાનો સાથે કડકાઈ થી વર્તાવ કરતા હોય એવી છાપ હોય છે પણ સર્જીકલ સ્ટ્રાઈક ના હીરો બિપિન રાવત સાચા અર્થમાં જવાનો ને કોઈપણ મુશ્કેલીમાં સહાય માટે તત્પર રહેતા હોવાથી પોતાનો વોટ્સેપ નંબર દરેક ને આપી જે કોઈ મુશ્કેલી પડતી હોય તો ડર રાખ્યા વગર જણાવવા સૂચન પણ કરતા હોવાથી તેઓના નિધન થી દેશ સાથે તેમની સાથે મુલાકાત કરનાર સૈનિકો પણ શોકમાં ગરકાવ છે.

---

### વૃક્ષોની જાળવણીમાં વન વિભાગની ઘોર બેદરકારી

## જિલ્લામાં ઉધઈમાં સપડાતાં લીલાં વૃક્ષો: ઉધઈથી અડધો લાખ વૃક્ષોનું અસ્તિત્વ જોખમાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વૃક્ષોની જાળવણીમાં વન વિભાગની ઘોર બેદરકારી ઉજાગર થઈ રહી છે. જિલ્લામાં જંગલ તથા રોડ સાઈડના લીલાં વૃક્ષો તબક્કાવાર ઉધઈમાં સપડાવા લાગ્યાં છે. ઉધઈના કારણે અડધો લાખ વૃક્ષોનું અસ્તિત્વ જોખમાયું હોવા છતાં વન વિભાગ લીલા વૃક્ષોને ઉધઈથી મુક્ત કરવાના પ્રયાસો હાથ નહીં ધરે તો લીલાં વૃક્ષો ક્યારે અદ્રશ્ય થઈ જાય તે કહેવું મુશ્કેલ બની રહ્યું છે.

જિલ્લામાં દર વર્ષે ચોમાસા દરમ્યાન વન વિભાગ મોટા ખર્ચા અને દેખાડા કરી વૃક્ષોનું વાવેતર કરવાના ઉધામા માથે લેતું હોય છે પરંતુ રોપાના વાવેતર પછી તેની કોઈ દરકાર લેવાતી ન હોવાથી વાવેતર થયેલા રોપા કુમળી વયમાં જ કરમાઈ જતા હોય છે અથવા તો કોઈ પશુનો ચારો બની જતા હોય છે. જિલ્લામાં વૃક્ષો વાવો વરસાદ લાવોના નારા લગાવી વૃક્ષારોપણના કાર્યક્રમો આયોજીત થતા હોય છે પરંતુ મોજૂદ લીલાં વૃક્ષોની જરાય જાળવણી થતી ન હોવાથી વૃક્ષછેદન પ્રવૃત્તિ કરતાંય હજારોની સંખ્યાનાં વૃક્ષો ઉધઈનો ભોગ બની જતાં હોય છે. જિલ્લામાં ચોમાસા પછી ધરતીના પેટાળમાં ઉધઈનો રાફડો ફાટ્યો હોય તેમ જંગલ વિસ્તાર તથા રોડ સાઈડનાં લીલાં વૃક્ષો ફરતે ઉધઈનો ભરડો ફેલાઈ ચૂક્યો છે. જિલ્લામાં અડધો લાખથી પણ વધુ સંખ્યાનાં વૃક્ષો ઉધઈમાં સપડાઈ જતાં અસ્તિત્વ જોખમાયું છે. વન વિભાગ દ્વારા જંગલોની તથા વૃક્ષોની જાળવણી માટેના પ્રયાસો થતા હોય છે પરંતુ વૃક્ષોની તંદુરસ્તી તથા કોરી ખાતી ઉધઈ પ્રત્યે સજાગતા રખાતી ન હોવાથી જિલ્લામાં એક પછી એક લીલાં વૃક્ષો ઉધઈમાં સપડાવા લાગ્યાં છે. જિલ્લામાં જંગલ વિસ્તારોમાં ફેલાયેલા ઉધઈના રાફડાથી લીલાં વૃક્ષો કરમાવા લાગ્યાં છે અને હવે રોડ સાઈડના લીલાં વૃક્ષો ઉધઈના ભરડામાં આવી જતાં લીલાં વૃક્ષો કડકભૂસ થવાની તૈયારીમાં હોય તેવું જોવા મળી રહ્યું છે. જિલ્લામાં વૃક્ષછેદન પ્રવૃત્તિથી જેટલાં વૃક્ષો ઘટ્યાં ન હોય તેટલાં વૃક્ષોને ઉધઈ ધીરે ધીરે કોરી ખાવા લાગી છે ત્યારે વન વિભાગ લીલાં વૃક્ષોને ઉધઈથી મુક્ત કરવાની ખાસ ઝૂંબેશ શરૂ કરે તેવું વૃક્ષ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

---

## લોકલ એસ.ટી. બસોમાં સફાઈના નામે મીંડુ: જિલ્લામાં ગામડાંના રૂટ ઉપર દોડતી બસોમાં કચરાના ઢગ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦
સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લોકલ એસ.ટી. બસોમાં સફાઈના નામે ડીંડક ચલાવાતું હોય તેમ ગ્રામ્ય રૂપ ઉપર દોડતી એસ.ટી. બસોમાં કચરાના ઢગ મુસાફરો માટે પરેશાનીરૂપ બની રહેતા હોય છે. જિલ્લામાં એક્સપ્રેસ બસોમાં નિયમિત સફાઈ હાથ ધરાય છે પરંતુ લોકલ બસોમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાથી ગામડાંના મુસાફરો સફાઈના અભાવે પરેશાની ભોગવી રહ્યા છે.

જિલ્લામાં એસ.ટી. વિભાગ દ્વારા ગામડાંના વિવિધ રૂટ ઉપર નક્કી કરેલા સમય પ્રમાણે લોકલ એસ.ટી. બસો દોડાવાઈ રહી છે જેનો હજારો મુસાફરો લાભ લે છે પરંતુ લોકલ બસોની જાળવણી તથા સફાઈ બાબતે જાગૃતિ રખાતી ન હોવાથી ગ્રામ્ય મુસાફરો આજે પણ અનેક અગવડતાઓ વચ્ચે બસોમાં મુસાફરી કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં એસ.ટી.ના એક્સપ્રેસ રૂટ કરતાં પણ ગામડાઓમાં નિયમિત રૂટ પર ફરતી બસો એસ.ટી.ને સારી કમાણી આપતી હોવા છતાં લોકલ બસોમાં સફાઈના નામે ડીંડક ચાલી રહ્યું છે. જિલ્લામાં લોકલ એસ.ટી. બસો હરતી ફરતી કચરા પેટી સમાન બની ગઈ હોય તેમ લોકલ બસોમાં પાણીનાં પાઉચ, નાસ્તાનાં ખાલી પેકેટ તથા પાન-મસાલાની પડીકીઓ સહિત અન્ય કચરાના ઢગ જોવા મળવા સામાન્ય બની રહ્યા છે. જિલ્લામાં એસ.ટી. બસોમાં કચરાની સાફ સફાઈના અભાવે બસોમાં કચરાના ઢગ વધી રહ્યા છે જેથી મુસાફરો પરાણે એસ.ટી. બસોમાં મુસાફરી કરવાનું ટાળે તે અગાઉ જિલ્લા એસ.ટી. તંત્ર વિભાગ એક્સપ્રેસ બસોની જેમ લોકલ રૂટ ઉપર દોડતી બસોમાં નિયમિત સફાઈ કરાવે તે જરૂરી છે. જિલ્લામાં મુસાફરી માટે એસ.ટી. સલામત સવારી ગણાય છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં એસ.ટી.ની મુસાફરી ત્રાસદાયક બની જતી હોય છે તેમાંય લોકલ બસોનું કોઈ રણીધણી ન હોય તેમ બસોમાં યોગ્ય સાફસફાઈ થતી ન હોવાથી મુસાફરો પરેશાની ભોગવી રહ્યા છે.

---

### પોલીસની ઠંડી ઉડાડતા તસ્કરો

## બાયડની શ્રીજી સોસાયટીમાં તસ્કરો લાખો રૂપિયાની મત્તા ઉસેડી ગયા : પોલીસ સ્ટેશન સામેની સોસાયટી 'અસલામત'

બાયડ, તા. ૧૦
બાયડમાં નિષ્ક્રીય પોલીસની તસ્કરો દ્વારા ઠંડી ઉડાડવાનો પ્રયાસ થયો છે. બાયડ પોલીસ સ્ટેશન સામે આવેલ શ્રીજી સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો અંદાજીત રૂ. ૨.૫૦ લાખથી વધુની મત્તા ઉસેડી જતાં સોસાયટીના રહીશોમાં આરામપ્રિય પોલીસ સામે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના અડ્ડા ફરી ધમધમવા લાગ્યા છે. હપ્તાખોરીમાં રાચતી ખાખી વર્દીના કારણે લગ્નના અવસર સમયે પણ રોડ ઉપર લથ્થડીયા ખાતા વ્યસનીઓ જોઈ પ્રજામાં પોલીસ સામે રોષ સતત વધી રહ્યો છે. હવે નિષ્ક્રીય પોલીસનો તસ્કરો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે. બાયડની શ્રીજી સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મીમેન વિક્રમસિંહ ગોહીલ સામાજીક કામ માટે બહાર ગયા ત્યારે તેમના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો રોકડ, સોના-ચાંદીના દાગીના સહીત લાખો રૂપિયાની મત્તા ઉસેરી ગયા હતા. પરીવાર ઘરે આવ્યો ત્યારે મકાનનું તાળુ તુટેલી જોતાં તસ્કરી થયાની ફડક પેસી હતી. પોલીસ દ્વારા તસ્કરીનો આંક નીચે રહે તેવા પ્રચાસ પણ થયાનું જાણવા મળેલ છે.

### ટાઉન જમાદારનો મોડેલીંગ કરવા નિકળ્યા જેવો દબદબો

બાયડ ટાઉન જમાદારે દારૂની પરબો ખોલવા છૂટ આપી હોય તેમ નવા-જૂના બસસ્ટેન્ડ, ગાબટરોડ, બાયડ ગામ વગેરે વિસ્તારોમાં દારૂની હાટડીઓ ધમધમી રહી છે. જેથી તસ્કરીના બનાવ પણ વધ્યા છે. ટાઉન જમાદારનો મોડેલીંગ કરવા નિકળ્યાં હોય તેવી રીતે તપાસમાં દબદબો જોવા મળતાં આ મુદ્દો બાયડમાં ફરી ચર્ચાના છોગાને આવ્યો છે.

---

### છાનગપતિયા કરવાનું ભારે પડ્યું

## જિલ્લામાં વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના પદાધિકારીઓના માથે મુંડન !!

### માસૂકાને મળવા તો ગયા પણ પકડાઈ જતાં માથાના વાળ ગુમાવ્યા : ટોક ઓફ ધ ટાઉન બનતો બનાવ

બાયડ, તા. ૧૦
જિલ્લામાં વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના ૨ પદાધિકારીઓને પોશીના પંથકમાં છાનગપતિયાં કરવા જતાં પકડાઈ જવાથી માથે મુંડન કર્યાની ચકચારી ઘટનાએ જિલ્લાભરમાં ચકચાર જગાવી છે. માસુકાને મળવા ગયા પણ નસીબ પાધરૂ થતાં પકડાયા પછી માર પડતાં માથાના વાળ ગુમાવ્યા છે અને મામલો દબાવવા હેરવીવીંગ સહીત બાધા કરી આવ્યાની મનધડત સ્ટોરી ફરતી કર્યાની ગરમાગરમ લોકચર્ચા છે.

જિલ્લાના છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષોના કાર્યકરોમાં પ્રેમરોગ હાવી થયો છે.ધીરે ધીરે ભાંડા ફૂટશે તેમ અનેક પરીવારના માળા વિખેરાઈ જાય તેવું બનવાનું છે પરંતુ જિલ્લામાં ૨ પદાધિકારીઓની ઈશ્કની ચર્ચા અને ધોળે દાડે માર પડવાની ઘટનાએ સૌને ચોકાવ્યા છે. પોઝીટીવ વાતો કરવાનું કહેનારાઓને પણ પાછલા બારણે છાનગપતિયાની બાબતમાં રૂચી જન્મી છે. જિલ્લાના મજરા-પ્રાંતિજ-હિંમતનગર-ઈડર-વડાલી-ખેડબ્રહ્મા-પોશીના ગયેલા ખબરીલાલ જણાવી રહ્યા છે કે રાજકીય પક્ષના પદાધિકારીઓને કુદરતી વાતાવરણમાં હરીયાળી વચ્ચે છાનગપતિયાની ઈચ્છા થઈ... પરંતુ નસીબ વાંકુ હોય તે રીતે માસુકાના ઓળખીતાની ઝપટે ચડ્યા પછી ન થવાનું થયું... આંતરવસ્ત્રોની સાથે માથાના વાળ મુકીને ૬૦૦ મીટર દૂર સુધી ભાગવાની નોબત આવી... લોકો સમજ્યા શુટીંગ ચાલી રહ્યું છે પછી ખબર પડી કે ચારીત્ર્યહીન બે પદાધિકારીઓને નૈસર્ગીક વાતાવણમાં માર પડ્યો છે..!! આવનારા દિવસોમાં આ મામલો વધુ ચગશે તેવી સંભાવના છે..!! રોડના કામમાં રોળાં નાખનારાના જીવનમાં રોળાં પડ્યા છે.. કહેવત છે જેવું કર્મ કરો તેવું ભોગવો...તે આનું નામ.

---

## ગોઢમેવડામાં વિધવા મહિલાના ઘરમાં તોડફોડ, સળિયો ફટકારી હત્યાનો પ્રયાસ

### પુત્ર સગીરાને ભગાડી જતાં હુમલો

(બાયડ બ્યુરો ઓફીસ)તા.૧૦
માલપુર તાલુકાના ગોઢમેવડા ગામે સગીરાના અપહરણ થી ઉશ્કેરાયેલા ટોળાએ વિધવા મહિલા ના મકાનમાં તોડફોડ કરી બાબુ ભાઈ ખાંટ ની હત્યા કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી છે.બનાવ અંગે માલપુર પોલીસે ટોળા સામે હત્યા ના પ્રયાસનો ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ માલપુરના ગોઢમેવડા ગામના વિધવા લીલા બેન ખાંટ નો પુત્ર સુરેશ તા.૧ ના રોજ મોડાસાના રાજપુર શીનાવાડ ગામની એક સગીરાને ભગાડી ગયો હતો.જેની અદાવત રાખી ઓઢા, દોલપુર ના ૧૧ જણના ટોળાએ બાઈક અને કારમાં ગોઢમેવડા ગામે ધસી આવી વિધવા મહિલાના ઘરમાં દંગલ મચવ્યુ હતું લોખંડના સળિયા અને લાકડીઓ સાથે ટોળાએ કરેલા હુમલાથી ભયનો માહોલ ઉભો થયો હતો.હિંસક હુમલામાં કિશન ખાંટ,હર્ષદ ખાંટ સાથે બાબુ ભાઈ ખાંટ ને માથામાં સળિયો ફટકારવામાં આવતા ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ માં લઈ જવાયા છે.બનાવ અંગે માલપુર પોલીસે ૧૧ ના ટોળા સામે ખૂનની કોશિષ નો ગુનો નોંધ્યો છે.

**આરોપી**
- પ્રકાશ ખાંટ
- કાંતિ ભાઈ ખાંટ
- લક્ષમણ ખાંટ
- વસંત ખાંટ
- બાબુ તરાલ
- પ્રકાશ તરાલ
- વિક્રમ તરાલ
- હરેશ તરાલ
- કાળા ભાઈ તરાલ
- સુરેશ ખાંટ
- નાનજી ભાઈ ખાંટ

---

### ૫૦૦૦ સ્ટાફ ફરજ બજાવશે

## સાબરકાંઠા જિલ્લાની ૨૬૦ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૯ પંચાયત સમરસ

### ૬૩ ગ્રામ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી

બાયડ, તા. ૧૦
સાબરકાંઠા જિલ્લાની મુદત પૂર્ણ કરતી ૨૬૦ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાવાની છે તે પૈકી ૨૯ ગ્રામ પંચાયત સમરસ થઈ છે જ્યારે ૬૩ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણીનો જંગ છે તેમાં પોલિંગ સ્ટાફ-પોલીસ કર્મી સહીત ૫૦૦૦ કર્મચારી સ્ટાફને ફરજ ઉપર મુકવામાં આવશે. ચૂંટણીલક્ષી તાલીમનો આજે તા. ૧૦ ડિસેમ્બરથી પ્રારંભ થશે.

લગ્નના અવસર અને ચૂંટણીનો અવસર સાથે આવતાં મોટા ભાગના સરકારી કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. ચૂંટણીના ઓર્ડર રદ કરાવવા ભલામણોનો દોર શરૂ થયો છે પરંતુ દરેક તાલુકામાં સરેરાશ ૬૦ થી ૭૦ ટકા ગ્રામ પંચાયતોમાં ચૂંટણી હોવાથી વધુ પ્રામાણમાં કર્મચારીઓને ફરજ ઉપર મુકવામાં આવશે. ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી પ્રિસાઈડીંગ-પોલિંગ ઓફીસર સ્ટાફ માટે ચૂંટણીના ઓર્ડર શાળાઓમાં પહોંચ્યા છે પરંતુ લગ્નના અવસરમાં ચૂંટણીની તાલીમ આવી પડતા અનેક પરીવારોમાં વિખવાદની સ્થિતિ છે. જ્યારે કેટલાક કર્મચારીઓએ પોતે રાજકીય પક્ષના કાર્યકર હોવાના પુરાવા આપવા છતાં ચૂંટણી ઓર્ડર રદ ન થઈ શકતા હોવાની હૈયાવરાળ ઠાલવી છે. જિલ્લા ચૂંટણી શાખા દ્વારા ૩૫૦૦ કર્મચારીઓને ચૂંટણીની તાલીમ આપી સજ્જ કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે. જ્યારે મતદાન મથકોની અંદર અને બહાર સુરક્ષા માટે ૧૫૦૦ પોલીસ સ્ટાફને તૈનાત કરાશે તેવુ સૂત્રોએ જણાવ્યું છે.

---

## જિલ્લામાં ઠંડીની તિવ્રતાથી શાળાઓમાં છાત્રોની પાંખી હાજરી

### જિલ્લાની શાળાઓમાં ઠંડીની અસર દેખાઈ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦
છેલ્લા ૩ દિવસ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ રહ્યા પછી વાદળો હટતાં જ તમામ વિસ્તારોમાં ઠંડીનું તિવ્ર મોજૂ ફરી વળતાં જનજીવન પ્રભાવિત થવાની સાથે શાળાઓમાં પણ કાતિલ ઠંડીની અસર દેખાઈ છે. જિલ્લામાં ઠંડીના કાતિલ ચમકારાથી શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શાળામાં જવાનું ટાળી રહ્યા છે.

જિલ્લામાં આ વર્ષે શિયાળાની શરૂઆત માંડી થઈ હતી અને દિવાળી પછી સતત એક મહિનો સુધી મિશ્ર ઋતુનો માહોલ જોવા મળ્યો હતો. જો કે શિયાળાનો અસલી મિજાજ ડિસેમ્બર માસ દરમ્યાન જોવા મળી રહ્યો છે. જિલ્લામાં તાપમાનનો પારો ગગડતાં પ્રજાજનો કાતિલ ઠંડીમાં ધ્રૂજી ઉઠ્યા છે. જિલ્લામાં થોડાક દિવસો માટે આકાશમાં વાદળછાયું વાતાવરણ ઘેરાતાં ઠંડીથી રાહત મળી હતી પરંતુ હવે નવેસરથી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થયો હોય તેમ ઠંડીની તિવ્રતામાં જોરદાર વધારો થતાં તેની વિપરીત અસર ધંધા-રોજગારોમાં જોવા મળ્યા પછી હવે શાળાઓમાં પણ ઠંડીની અસર વર્તાવા લાગી છે. જિલ્લામાં છેલ્લા બે દિવસથી હાડથીજવતી ઠંડીના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી જણાઈ રહી હતી. જિલ્લામાં ઠંડીએ સપાટો બોલાવતાં પ્રજા ગરમ વસ્ત્રોમાં છૂપાઈ રહેવા મજબૂર બની રહી છે અને વાલીઓ પણ તિવ્ર ઠંડીમાં બાળક માંદગીનો ભોગ ન બની જાય તે માટે શાળામાં મોકલવાનું ટાળી રહ્યા છે. જિલ્લામાં કાતિલ ઠંડીની અસર ધંધા-રોજગારો ઉપર જોવા મળ્યા પછી હવે જિલ્લાની શાળાઓમાં પણ તેની અસર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી ઉડીને આંખે વળગી રહી છે.